નં. આરટીઆઈ સેલ/૨૩૨
તા. ૧૧–૯–૨૦૧૫

પ્રતિ,
તમામ જાહેર માહિતી અધિકારી
તમામ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા
સુરત.

વિષયઃ– બીજી અપીલની ગુજરાત માહિતી આયોગ સમક્ષની સુનાવણીમાં જવાબદાર અધિકારીએ હાજર રહેવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે સંયુકત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : મહત/૧૦૨૦૧૫/૨૦૧/આરટીઆઈ સેલ તા.૧૭–૮–૧૫ અન્વયે આયોગની ભલામણ અનુસાર હવે પછી રાજય માહિતી આયોગ સમક્ષની સુનાવણીમાં સંબંધિત જાહેર માહિતી અધિકારી તેમજ પ્રથમ અપીલ અધિકારીએ અવશ્ય હાજરી આપવી. જો પ્રથમ અપીલ અધિકારી અનિવાર્ય સંજોગોમાં હાજરી આપી શકે તેમ ન હોય તો તેઓ અન્ય જવાબદાર અને સંબંધિત કેસથી પૂરેપૂરા વાકેફ હોય તેવા અધિકારીને અચૂક હાજર રાખવા જણાવવામાં આવેલ છે. ખાતાના વડા/જાહેર સત્તા મંડળો દ્વારા ઉપર્યુકત સૂચનાનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે અંગે તેઓ દ્વારા સંબંધિતોને સૂચનાઓ આપવામાં આવે એવું જણાવવામાં આવેલ છે.

સદર પરિપત્રની નકલ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પણ સંદર્ભ માટે ઉપલબ્ધ છે.

Sd-xxx
(એસ.એન.મહેતા)
ડેપ્યુટી કમિશનર(ફા.)
અને નોડલ ઓફિસર
રાઈટ ટુ ઈન્ફર્મેશન સેલ
સુરત મહાનગરપાલિકા

નકલ સાદર રવાનાઃ– મ્યુ.કમિ.શ્રી પ્રતિ..... જાણ માટે
નકલ સ.રવાનાઃ– તમામ વિભાગીય વડાશ્રી/ઝોનલચીફશ્રી પ્રતિ.... જાણ તથા ચુસ્તપણે અમલ કરાવવા તાબાના સ્ટાફને સુચિત કરવા સારું.

**ગુજરાત માહિતી આયોગ સમક્ષની સુનાવણીમાં જવાબદાર અધિકારીએ હાજર રહેવા બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: મહત/૧૦૨૦૧૫/૨૦૧/આર.ટી.આઇ. સેલ.
સચિવાલય, ગાંધીનગર.
તા. 17 AUG 2015

**વંચાણે લીધો:-** ગુજરાત માહિતી આયોગનો ૨૦૧૩-૧૪ નો વાર્ષિક વહીવટી અહેવાલ.

**પરિપત્ર:-**

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ- ૧૯ ની જોગવાઇ મુજબ પ્રથમ અપીલ અધિકારીના પ્રત્યુત્તરથી નારાજ થયેલ અરજદાર ગુજરાત માહિતી આયોગમાં બીજી અપીલ કરી શકે છે. ગુજરાત માહિતી આયોગમાં બીજી અપીલ દાખલ થયા બાદ આયોગ સંબંધકર્તા પક્ષકારોને નોટીસ પાઠવીને સુનાવણી માટે બોલાવે છે. આયોગે તેના ૨૦૧૩-૧૪ ના અહેવાલમાં ભલામણ કરેલ છે કે સુનાવણી વખતે જાહેર માહિતી અધિકારી અને જરૂર હોય ત્યાં પ્રથમ અપીલ અધિકારીશ્રી સુનાવણીમાં અચૂક હાજર રહે. તે માટે તેઓને જાગૃત કરવામાં આવે કે, આ સુનાવણી અર્ધન્યાયિક પ્રકારની છે, તેથી તેની ગંભીરતા ધ્યાને લઈને તેઓ હાજરી આપે. આયોગે મોકલેલ નોટિસ મુજબ જો પ્રથમ અપીલ અધિકારી અનિવાર્ય સંજોગામાં હાજર રહી શકે તેમ ન હોય તો તેઓ એ અન્ય જવાબદાર અને સંબંધિત કેસથી પુરેપુરા વાકેફ હોય તેવા અધિકારીને હાજર રાખવાના રહે.

આયોગની ઉપર્યુક્ત ભલામણનો સરકારે સ્વીકાર કરેલ છે.આથી હવે પછી રાજ્ય માહિતી આયોગ સમક્ષની સુનવણીમાં સંબંધિત જાહેર માહિતી અધિકારી તેમજ પ્રથમ અપીલ અધિકારીએ અવશ્ય હાજરી આપવી. જો પ્રથમ અપીલ અધિકારી અનિવાર્ય

ઈનવર્ડ નં.૧૫૩૦ તા.૧૮/૮/૧૫
આર.ટી.આઈ. સેલ
સુરત મહાનગરપાલિકા

જા. સંકલન નં. 955
તા. - 3 SEP 2015

MC/SMC
- 1 SEP 2015

સંજોગોમાં હાજરી આપી શકે તેમ ન હોય તો તેઓ અન્ય જવાબદાર અને સંબંધિત કેસથી પૂરેપૂરા વાકેફ હોય તેવા અધિકારીને અચૂક હાજર રાખવા માટે સચિવાલયના તમામ વહીવટી વિભાગો/ખાતાના વડાઓ તેમજ જાહેર સત્તા મંડળોને આથી સૂચના આપવામાં આવે છે. સચિવાલયના તમામ વહીવટી વિભાગોને જણાવવામાં આવે છે કે તેઓ હસ્તકના ખાતાના વડા/જાહેર સત્તા મંડળો દ્વારા ઉપર્યુક્ત સૂચનાનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે અંગે તેઓ દ્વારા સંબંધિતોને સૂચનાઓ આપવામાં આવે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સી. એમ. સદાદીયા)**
**સંયુકત સચિવ**
**સામાન્ય વહીવટ વિભાગ.**

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

X સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
X સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
X રજીસ્ટ્રારશ્રી ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.

- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પંસદગી મંડળ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર

- ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી, સરદાર પટેલ રાજ્ય લોક પ્રશાસન સંસ્થા, સેટેલાઇટ, અમદાવાદ
- સચિવાલયના સર્વે વિભાગો– તેમના નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તા મંડળોને સૂચના પરિપત્રિત કરવાની વિનંતી સાથે
- સર્વે જિલ્લા કલેકટરશ્રી–નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તામંડળોને સૂચના પરિપત્રિત કરવાની વિનંતી સાથે
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી–નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તામંડળોને સૂચના પરિપત્રિત કરવાની વિનંતી સાથે.
- સર્વે ખાતાના વડાની કચેરીઓ–નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તામંડળોને સૂચના પરિપત્રિત કરવાની વિનંતી સાથે.
- નાયબ સેકશન અધિકારીની સીલેકટ ફાઇલ.
- શાખા સીલેકટ ફાઇલ.

---

X પત્ર દ્વારા